| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| સચિવાલય તથા સંલગ્ન કચેરીઓના નાયબ સેક્શન અધિકારી(વર્ગ-૩)ની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા | | |
| તા.૦૫/૦૨/૨૦૨૫ | પ્રશ્નપત્ર-૧ | બેઠક નંબર:............. |
| સમય : ૧૧.૦૦ થી ૧૪.૦૦ | **SET-A** | કુલ ગુણ : - ૧૦૦ |

**1 સહકારી મંડળીઓનો વિષય બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી
**B** રાજ્યયાદી
**C** સમવર્તી યાદી
**D** એકપણ યાદીમાં નહી

**2 સંઘ લોક સેવા આયોગના સંદર્ભમાં નીચે પૈકીનાં વિકલ્પમાંથી સૌથી વધુ યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**A** માત્ર સંઘ લોક સેવાની નોકરી અંગેની કામગીરી કરવાની રહે
**B** સંઘ સેવા ઉપરાંત અન્ય રાજ્યો સેવાની નોકરી અંગેની કામગીરી કરી શકે
**C** (A) અને (B) બન્ને ખરાં છે
**D** (A) અને (B) બન્ને ખોટા છે

**3 કિસાન કલ્પ વૃક્ષ યોજના કયા વિભાગની યોજના છે ?**

**A** કૃષિ વિભાગ
**B** પશુપાલન વિભાગ
**C** સામાજીક ન્યાય અધિકારિતા વિભાગ
**D** સહકાર વિભાગ

**4 ગુજરાત સિવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ સમક્ષની કાર્યવાહી કેવી ગણાય છે ?**

**A** ન્યાયીક
**B** અર્ધ ન્યાયીક
**C** વહીવટી
**D** લવાદી

**5 નાણાં આયોગની રચના કોણ કરે છે ?**

**A** રાષ્ટ્રપતિ
**B** નાણાં મંત્રાલય
**C** વડાપ્રધાનના અધ્યક્ષપણા હેઠળની સમિતિ
**D** રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા

**6 વિધાન પરિષદની ચુંટણી કેટલા વર્ષ યોજાય છે ?**

**A** ૫ વર્ષે
**B** ૬ વર્ષે
**C** ૨ વર્ષે
**D** ૬૨ વર્ષે

**7 બળવંતરાય મહેતા સમિતિએ નીચે પૈકી કઇ બાબતનો કાળજીપૂર્વક અભ્યાસ અને વિશ્લેષણ કર્યા હતા ?**

**A** સમૂહ વિકાસ
**B** ગ્રામ સ્થાનિક સ્વરાજ્યની પધ્ધતિ
**C** રાષ્ટ્રીય વિસ્તરણ સેવાની કામગીરી
**D** ઉપરના ત્રણેય

**8 ગુજરાત સિવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ સમક્ષની અરજી/અપીલ ઉપર કેટલી કોર્ટ ફી ભરવાની/ચુકવવાની રહે છે ?**

**A** રૂ.૨૦
**B** રૂ.૫૦
**C** રૂ.300
**D** શૂન્ય

**9 ગ્રામ સભા સમક્ષ મુકવાની થતી બાબતો અને અહેવાલો મુકવાની જવાબદારી કોની છે ?**

**A** ગ્રામ પંચાયતની
**B** ગામ પંચાયત સેક્રેટરીની
**C** ગ્રામ પંચાયત સરપંચની
**D** ગ્રામ પંચાયતની કારોબારી સમિતિની

**10 બંધારણની જોગવાઇ મુજબ નાણા આયોગ કુલ કેટલી વ્યક્તિનું બને છે ?**

**A** ૫
**B** ૪
**C** સંસદ કાયદાથી નક્કી કરે તેટલી
**D** દર પાંચ વર્ષે નવા આયોગની જરૂરીયાત મુજબની સંખ્યામાં

**11 તરણેતરના મેળાને લગતી વ્યવસ્થા બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી
**B** રાજ્યયાદી
**C** સમવર્તી યાદી
**D** એકપણ યાદીમાં નહી

**12 પોરબંદર ખાતેની દીવાદાંડીની મરામત બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી
**B** રાજ્યયાદી
**C** સમવર્તી યાદી
**D** એકપણ યાદીમાં નહી

**13 કચ્છના રણમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપરની પાડોશી દેશ સાથેની બાબત બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી
**B** રાજ્યયાદી
**C** સમવર્તી યાદી
**D** એકપણ યાદીમાં નહી

**14 ..................ને ગ્રામ પંચાયતના સભ્યો પોતાનામાંથી ચુંટશે ?**

**A** સરપંચ
**B** ઉપસરપંચ
**C** ગ્રામ સભાના અધ્યક્ષ
**D** એકપણ નહી

**15 કોઇ વ્યક્તિને રૂબરૂ હાજર કરાવવાના આદેશ મેળવવા નીચે પૈકી કયા પ્રકારની રીટનો ઉપયોગ થાય છે ?**

**A** ક્વો વોરેન્ટો
**B** મેન્ડેમસ
**C** હેબીયસ કોપર્સ
**D** સર્ટિયોરરી

**16 જિલ્લા આયોજન સમિતિનું મૂળ અને મુખ્ય કાર્યક્ષેત્ર / કામગીરી નીચે પૈકી કઇ ગણાય ?**

**A** યોજનાઓનું એકત્રીકરણ
**B** જિલ્લા માટે વિકાસ યોજનાઓનો મુસદ્દો તૈયાર કરવાનું
**C** ઉપરના (A) અને (B) બન્ને
**D** ઉપરના (A) અને (B) તથા તેનું અમલીકરણ કરવાનું

**17 તાલુકા પંચાયતની કઇ સમિતિની મુદત સૌથી વધુ કે લાંબામાં લાંબી હોય છે ?**

**A** કારોબારી સમિતિ
**B** મહિલા અને બાળ કલ્યાણ સમિતિ
**C** બાંધકામ સમિતિ
**D** સામાજિક ન્યાય સમિતિ

**18 બંધારણની સ્પષ્ટ અને શબ્દશ: જોગવાઇ મુજબ રાજ્યની મુલ્કી સેવાના સભ્ય કયાં સુધી હોદ્દા ઉપર રહી શકે ?**

**A** રાજ્ય સરકાર સાથે થયેલ કરારની મુદત સુધી

**B** રાજ્ય સરકાર ઇચ્છે ત્યાં સુધી

**C** રાજ્ય સેવા આયોગે જાહેરાતમાં દર્શાવેલ મુદત સુધી

**D** રાજ્યપાલની ઇચ્છા હોય ત્યાં સુધી

**19 ઉપસરપંચ..........................ને લેખિત રાજીનામું આપીને પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકે છે?**

**A** સરપંચને

**B** ગ્રામસભાને

**C** ગ્રામ પંચાયતના સભ્યોને

**D** પંચાયતને

**20 બંધારણમાં કયા રાજ્યમાં દ્રિસ્તરીય પંચાયતની સ્પષ્ટપણે જોગવાઇ કરવામાં આવેલ છે ?**

**A** વીસ લાખથી ઓછી વસ્તીવાળા

**B** કેન્દ્રશાસિત પ્રદેશ

**C** પર્વતીય જંગલ વિસ્તાર

**D** ઉપરના તમામ

**21 નીચે પૈકી કઇ બાબત એકદમ સ્પષ્ટ રીતે નાગરિકની મૂળભૂત ફરજનો ભાગ નથી બનતી ?**

**A** અહિંસા

**B** ભાષાકીય સંવર્ધન

**C** સ્ત્રી ગૌરવ

**D** રાષ્ટ્રીય સેવા

**22 ગુજરાત સિવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલના અધ્યક્ષપદે કોને નિયુકત કરી શકાય ?**

**A** સરકારના સેક્રેટરી કક્ષાના અધિકારી

**B** ડીસ્ટ્રીકટ જજ કક્ષાના ન્યાયાધીશ

**C** (A) અથવા (B)

**D** હાઇકોર્ટ જજ

**23 ગુજરાત સિવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ સમક્ષ કોઇ અધિકારી/સત્તા મંડળના નિર્ણયથી નારાજ સ્પેશીફાઈડ સિવીલ સર્વન્ટે આવા નિર્ણયની તારીખથી કેટલા સમયમાં અપીલ કરવાની રહે છે ?**

**A** ૩૦ દિવસ

**B** ૪૫ દિવસ

**C** ૯૦ દિવસ

**D** ૬૦ દિવસ

**24 જિલ્લા પંચાયત સામાજિક અને આર્થિક રીતે પછાત તાલુકા પંચાયત માટે મહ્તમ રૂ......................ની ખાસ ગ્રાન્ટ મંજૂર કરે શકે છે ?**

**A** રૂ.૨૫૦૦૦

**B** રૂ.૪૦૦૦૦

**C** રૂ.૭૫૦૦૦

**D** રૂ.૧૦૦૦૦૦

**25 કાયદાની જોગવાઇ મુજબ ગુજરાત સિવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલમાં અધ્યક્ષ ઉપરાંત કેટલા સભ્યો હોય છે ?**

**A** ૨

**B** ૩

**C** ૫

**D** રાજ્ય સરકાર વખતો વખત ઠરાવે તેટલા

**26 રાજ્યની સહાય મેળવતી શિક્ષણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપવા અંગે નીચેની કઇ બાબત ખરી છે?**

**A** રાજ્ય સરકારની પરવાનગી મેળવવી ફરજીયાત છે

**B** શિક્ષણ સંસ્થામાં પ્રવેશ મેળવતી વ્યક્તિએ શિક્ષણ સંસ્થાના નિયમો મુજબ ભાગ લેવાનો રહે

**C** આવી સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી જ ન શકાય **D** ઉપરના તમામ વિધાનો ખોટા છે.

**27 ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયમૂર્તિ કેટલી વયે નિવૃત થશે ?**

**A** ૫૮ **B** ૬૫

**C** ૬૨ **D** કોઇ વયમર્યાદા નથી.

**28 બંધારણની જોગવાઇ અનુસાર સમાજની ભૌતિક સાધન સામગ્રીની માલિકી અને નિમંત્રણનું વિતરણ કેવી રીતે કરવાનું અપેક્ષીત છે ?**

**A** સાધન સામગ્રી મહતમ વળતર આપે તે રીતે **B** લોકહિત ઉતમ રીતે સધાય તે મુજબ

**C** દેશનો આર્થિક વિકાસ મજબૂત બને તે રીતે **D** દેશના તમામ વિસ્તારનો સંતુલીત વિકાસ થાય તે રીતે

**29 રાજ્યની વિધાન પરિષદની ચુંટણીની કામગીરી કોની દેખરેખ હેઠળ થાય છે ?**

**A** ભારતનું ચુંટણીપંચ **B** રાજ્ય ચુંટણીપંચ

**C** જે તે રાજ્યના વિધાનસભાના અધ્યક્ષના કાર્યાલય દ્વારા **D** ભારતના ચુંટણીપંચના માર્ગદર્શન હેઠળ રાજ્ય ચુંટણીપંચ દ્વારા

**30 ગુજરાત સિવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલમાં નિર્ણય / ચુકાદા બાબતે નીચે પૈકી..........**

**A** કોઇપણ દિવાની કોર્ટમાં પડકારી શકાતા નથી **B** કોઇપણ કોર્ટમાં આ કાયદા હેઠળ અપીલ થઇ શકતી નથી

**C** આખરી ગણાય છે **D** ઉપરના તમામ

**31 દર વર્ષે ગ્રામ સભાની પ્રથમ બેઠક વર્ષની શરૂઆતના કેટલા સમયમાં ભરવી જોઇએ ?**

**A** દોઢ મહિનાની અંદર **B** એક મહિનાની અંદર

**C** ત્રણ મહિનાની અંદર **D** બે મહિનાની અંદર

**32 બંધારણની મૂળભૂત ફરજો અંગે નીચે પૈકી કયું વિધાન ખરૂં છે ?**

**A** તે મૂળ બંધારણનો ભાગ રહેલ છે **B** તે રાષ્ટ્રીય કટોકટીના સમયમાં ઉમેરાયેલ છે

**C** તે જનતાદળની સરકારના સમયમાં ઉમેરાયેલ છે **D** તે 46 મા સુધારાથી ઉમેરાયેલ છે

**33 રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં નીચે પૈકી કઇ બાબતની સહાયતા કરવાની અપેક્ષા રાજ્ય પાસેથી રાખવામાં આવેલ નથી ?**

**A** પ્રસૂતી સહાય અને વૃધ્ધાવસ્થા સહાય **B** કાનૂની સહાય

**C** વ્યાપાર -ઉધોગ **D** ઉપરોકત પૈકી એકપણ વિકલ્પ લાગુ નથી પડતો

**34 ગ્રામ વિસ્તારમાં ગૃહ ઉધોગોની અભિવૃધ્ધિ કઇ રીતે કરવાની નીતિ રાજ્યએ અપનાવવાની રહે ?**

**A** વ્યકતિગત ધોરણે **B** સહકારી ધોરણે

**C** (A) અને (B) ના ધોરણે **D** સામુદાયિક વિકાસના ધોરણે

**35** **જિલ્લા પંચાયતના સભ્ય રજા વગર પંચાયતની લાગલગાટ કેટલી બેઠકોમાં ગેરહાજર રહે તો તે સભ્ય તરીકે બંધ થાય ?**

**A** ત્રણ બેઠક **B** ચાર બેઠક

**C** છ બેઠક **D** બે બેઠક

**36** **ગુજરાતમાં પંચાયત રાજ વ્યવસ્થા ક્યારથી અમલમાં આવી ?**

**A** એપ્રિલ,૧૯૬૩ **B** મે, ૧૯૬૦

**C** એપ્રિલ, ૧૯૬૧ **D** મે, ૧૯૬૩

**37** **નાણાં આયોગની ભલામણો/અહેવાલ ઉપર આખરી નિર્ણય લેવાની સત્તા કોને પ્રાપ્ત થયેલ છે ?**

**A** રાજ્ય સરકારને **B** રાજ્યની કેબીનેટને

**C** રાજયપાલને **D** રાજ્યની વિધાનસભાને

**38** **વર્તમાન પત્રમાં પ્રસિધ્ધ થતી જાહેરાત ઉપરનો કર બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી **B** રાજ્યયાદી

**C** સમવર્તી યાદી **D** એકપણ યાદીમાં નહી

**39** **કૃષિ વિકાસ માટેની લોનનો વિષય બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી **B** રાજ્યયાદી

**C** સમવર્તી યાદી **D** એકપણ યાદીમાં નહી

**40** **ન્યાયતંત્રને કારોબારીતંત્રની અલગ રાખવાની બાબત અંગે નીચે પૈકી કઇ બાબત ખરી છે ?**

**A** બંધારણીય અધિકારથી આ બાબત સુનિશ્ચિત કરવામાં આવી છે **B** સરકારની મૂળભૂત ફરજ તરીકે સુનિશ્ચિત કરવામાં આવી છે

**C** સરકારની સ્પષ્ટપણે જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવી છે **D** ઉપર પૈકીનો એક પણ વિકલ્પ સ્પષ્ટ રીતે ખરો નથી

**41** **અજમાયશી સમયગાળો લંબાવવાની બાબતે ગુજરાત સિવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ સમક્ષ દાદ માંગવા અંગે શું જોગવાઇ છે ?**

**A** દાદ ના માગી શકાય **B** કર્મચારીને સંબંધીત સત્તામંડળે સાંભળેલ ન હોય તો જ દાદ માગી શકાય

**C** દાદ માગી શકાય **D** એકપણ વિધાન સાચું નથી

**42** **૨૫૦૦ ની વસ્તી ધરાવતા ગામની ગામ પંચાયત....................સભ્યની બનશે?**

**A** ૭ **B** ૫

**C** ૯ **D** ૧૧

**43** **ગ્રામપંચાયતના કોઇ હુકમ /નિર્ણય વિરૂધ્ધની અપીલ....................ને કરવાની રહે ?**

**A** તાલુકા પંચાયત **B** તાલુકા વિકાસ અધિકારી

**C** જિલ્લા પંચાયત **D** જિલ્લા વિકાસ અધિકારી

**44 વિચરતા સમુદાયના કલ્યાણની બાબત બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી **B** રાજ્યયાદી

**C** સમવર્તી યાદી **D** એકપણ યાદીમાં નહી

**45 ગ્રામ પંચાયતની ચુંટણી માટેની મતદાર યાદી તૈયાર કરવા ઉપરનું અંતિમ નિયંત્રણ કોના હસ્તક રહે છે ?**

**A** ભારતનું ચુંટણીપંચ **B** રાજ્ય ચુંટણીપંચ

**C** ભારતના ચુંટણીપંચ હેઠળનું રાજ્ય ચુંટણી પંચ **D** જિલ્લા ચુંટણી અધિકારી

**46 ગુજરાત સિવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ સમક્ષ વકીલના ઉપસ્થિત થવા/રહેવા અંગે કાયદામાં શું જોગવાઇ છે ?**

**A** વકીલો ઉપસ્થિત થઇ શકે નહી **B** ટ્રીબ્યુનલની પરવાનગીથી વકીલો ઉપસ્થિત થઇ શકે

**C** વકીલો ઉપસ્થિત થઇ શકે **D** ઉપરના પૈકી એક પણ વિધાન ખરૂ નથી

**47 પંચાયત અધિનિયમની કલમ-૧૦૫ કઇ બાબતને સ્પર્શતી કલમ છે ?**

**A** સમાધાન કરવાની સત્તા **B** જગ્યાઓને નંબર આપવાની સત્તા

**C** જાહેર રસ્તા ઉપરના દબાણ દૂર કરવાની સત્તા **D** જાજરૂની સગવડ કરાવવાની સત્તા

**48 જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિમાં વધુમાં વધુ.................સભ્યો હોય શકે ?**

**A** ૫ **B** ૯

**C** ૧૧ **D** ૭

**49 બે થી વધુ સમિતિમાં ચુંટાનાર જિલ્લા પંચાયતના સભ્યોએ કેટલા સમયમાં તે કઇ સમિતિમાં રહેવા માગે છે તેની જાણ કરવાની રહે છે ?**

**A** ૭ દિવસ **B** ૧૫ દિવસ

**C** ૧૦ દિવસ **D** ૨૧ દિવસ

**50 નાણા આયોગની કાર્યરિતી કોણ નક્કી કરે છે ?**

**A** સંસદ **B** રાષ્ટ્રપતિ

**C** નાણાં મંત્રાલય **D** નાણા આયોગ જાતે

**51 પંચાયતની બેઠકમાં શિસ્ત નહી જાળવતા સભ્યને સસ્પેન્ડ કરવા માટેના પ્રશ્નને ઓછામાં ઓછા કેટલા સભ્યોનું સમર્થન મળવું જરૂરી છે ?**

**A** ૨/3 **B** સાદી બહુમતીથી

**C** 3/૪ **D** અધ્યક્ષ અને બીજા ૧/3

**52 ટ્રીબ્યુનલના સભ્યને તેમના હોદ્દા ઉપરથી દૂર કરવાની રાજ્ય સરકારની સતા શું છે ?**

**A** કાયદામાં નિયત થયેલી બાબતો/સંજોગોમાં રાજ્ય સરકાર દૂર કરી શકે

**B** કાયદામાં નિયત થયેલી બાબતો/સંજોગોમાં વિધાનસભામાં નિયત પ્રક્રિયા પૂર્ણ કરીને જ રાજ્ય સરકાર દૂર કરી શકે

**C** ટ્રીબ્યુનલના સભ્યને તેમના હોદા ઉપરથી દૂર કરવાની કોઇ સ્પષ્ટ જોગવાઇ કાયદામાં નથી

**D** રાજ્ય સરકારની ભલામણ યોગ્ય લાગે તો રાજ્યપાલ વિચારણા કરી શકે

**53 ગામ પંચાયત તેની બેઠકમાં વધુમાં વધુ કેટલી વ્યક્તિને નિમત્રિંત સભ્ય તરીકે બોલાવી શકે ?**

**A** ૪

**B** ૩

**C** ૨

**D** કોઇ નિયત સંખ્યા નથી

**54 ગુજરાત સિવીલ સર્વિસીઝ ટ્રીબ્યુનલ પોતાનો નિર્ણય / હુકમ કેટલા સમય સુધી રીવ્યુ કરી શકે છે ?**

**A** ૨ માસ

**B** ૧૨ માસ

**C** ૬ માસ

**D** ૨ વર્ષ

**55 નાગરિકોને આજીવિકાનું પુરતુ સાધન મેળવવાનો હક્ક કયા પ્રકારનો હક્ક છે ?**

**A** બંધારણીય હક્ક

**B** કાનૂની હક્ક

**C** મૂળભૂત હક્ક

**D** ઉપરનો એકપણ વિકલ્પ ખરો નથી

**56 કપાસના પાકમાં જોવા મળતી ગુલાબી ઇયળનો ઉપદ્રવ બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી

**B** રાજ્યયાદી

**C** સમવર્તી યાદી

**D** એકપણ યાદીમાં નહી

**57 નાણા આયોગે કરેલ ભલામણ અને તેના ઉપર લીધેલાં પગલાનો અહેવાલ સંસદના દરેક ગૃહ સમક્ષ મુકવાની જવાબદારી કોની છે ?**

**A** નાણા આયોગના અધ્યક્ષની

**B** રાષ્ટ્રપતિની

**C** નાણાં મંત્રીની

**D** કેબીનેટ સેક્રેટરીની

**58 બંધારણમાં સ્વાતંત્ર્યના હક્કમાં નીચે પૈકી કઇ બાબતનો સ્પષ્ટપણે સમાવેશ નથી થતો ?**

**A** અભિવ્યકતિનું સ્વાતંત્ર્ય

**B** મંડળની રચના કરવાનું સ્વાતંત્ર્ય

**C** પરવાના સાથેના હથિયારો સાથે શાંતિપૂર્વક એકઠા થવાનું સ્વાતંત્ર્ય

**D** ગમે તે વ્યવસાય કરવાનું સ્વાતંત્ર્ય

**59 દારૂ અંગે બંધારણની જોગવાઇઓ ધ્યાનમા લેતાં નીચે પૈકી કઇ બાબત સ્પષ્ટ રીતે ખરી છે ?**

**A** રાજ્ય સરકાર સ્વતંત્ર રીતે નિર્ણય લઇ શકે છે.

**B** પ્રતિબંધ મુકવા રાજ્યએ પ્રયત્ન કરવો જોઇએ.

**C** કોઇ સ્પષ્ટ જોગવાઇ નથી

**D** ઉપર પૈકીનો એક્પણ વિકલ્પ ખરો નથી

**60 જિલ્લા વિકાસ અધિકારીને રકમ માંડવાણ કરવાની સત્તા રૂ......................સુધીની છે ?**

**A** રૂ.૫૦૦૦

**B** રૂ.૨૫૦૦

**C** રૂ.૨૦૦૦

**D** રૂ.૫૦૦

**61 તાલુકા પંચાયતની કારોબારી સત્તા............ને સુપરત થયેલ છે ?**

**A** તાલુકા વિકાસ અધિકારીને
**B** તાલુકા પંચાયત પ્રમુખને
**C** કારોબારી સમિતિને
**D** કારોબારી સમિતિના ચેરમેનને

**62 પંચાયતોની ચુંટણી માટેની મતદારયાદી કોણ તૈયાર કરાવે છે ?**

**A** ભારતનું ચુંટણીપંચ
**B** જિલ્લા વિકાસ અધિકારી
**C** રાજ્ય ચુંટણીપંચ
**D** વિકાસ કમિશ્નર

**63 હરિત ઉર્જા કોરીડોર યોજના કોની સહાયથી અમલમાં છે ?**

A એશિયન ડેવલોપમેન્ટ બેંક
B વલ્ડ બેંક
C કે.એફ.ડબલ્યુ. (જર્મની)
D જાપાન ઇન્ટરનેશનલ કો.ઓ. એજન્સી

**64 બંધારણમાં ૭૩ મા અને ૭૪ મા સુધારાથી ભાગ ૯ અને ભાગ ૯ (ક) ની જોગવાઇ દાખલ કરવામાં આવી તે પહેલા બંધારણમાં પંચાયતી રાજ માટે નીચે પૈકી કઇ બાબતની જોગવાઇ હતી ?**

**A** ગામ પંચાયતોની રચના કરવાનો સિધ્ધાંત હતો
**B** દેશમાં ક્રમશઃ ત્રિસ્તરીય પંચાયતીરાજની સ્થાપનાનો સિધ્ધાંત હતો
**C** કોઇપણ પ્રકારની કશી જ જોગવાઇ ન હતી
**D** રાજ્ય સરકાર પોતાની ઇચ્છાનુસાર નિર્ણય લઇ શકે તેવી જોગવાઇ હતી

**65 ભારતીય યુવાન સાથે લગ્ન કરનાર નેપાલી યુવતીના નાગરિત્વની બાબત બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી
**B** રાજ્યયાદી
**C** સમવર્તી યાદી
**D** એકપણ યાદીમાં નહી

**66 દરિયા કિનારે આવેલ રિસોર્ટના વેચાણ દસ્તાવેજની નોંધણી બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી
**B** રાજ્યયાદી
**C** સમવર્તી યાદી
**D** એકપણ યાદીમાં નહી

**67 કેટલ ફીડ બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

**A** સંઘયાદી
**B** રાજ્યયાદી
**C** સમવર્તી યાદી
**D** એકપણ યાદીમાં નહી

**68 પંચાયત ચુંટણીની કાયદેસરતાને પડકારતી અરજી સાંભળવાની સત્તા/કાર્યક્ષેત્ર કોનું છે ?**

**A** ડીસ્ટ્રીકટ જજ
**B** હાઇકોર્ટ
**C** ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ
**D** સિવીલ જજ

**69 રાષ્ટ્રપતિએ બહાર પાડેલ વટહુકમ સંસદ મળ્યાના કેટલા સમય સુધી વધુમાં વધુ અમલમાં રહી શકે?**

**A** ૬ મહિના
**B** ૩ મહિના
**C** ૬ અઠવાડિયા
**D** ૧ મહિના

**70 અટલ ભુજલ યોજના દ્વારા ગુજરાતના કયાં વિસ્તારને આવરી લેવામાં આવેલ છે?**

A ઉત્તર ગુજરાત
B દક્ષિણ ગુજરાત
C સૌરાષ્ટ્ર
D કચ્છ

**71 સૌની યોજના દ્વારા ગુજરાતના કયાં વિસ્તારને આવરી લેવામાં આવેલ છે ?**

A ઉત્તર ગુજરાત
B દક્ષિણ ગુજરાત
C સૌરાષ્ટ્ર
D કચ્છ

**72 પ્રધાનમંત્રી કિસાન સન્માન્ન નિધિ યોજના હેઠળ ખેડૂતોને વાર્ષિક કુલ કેટલી રકમ આપવામાં આવે છે ?**

A રૂ.૧૨૦૦૦/-
B રૂ.૧૦૦૦૦/-
C રૂ.૧૫૦૦૦/-
D રૂ.૬૦૦૦/-

**73 વંદે ગુજરાત ચેનલ મારફતે શાનું પ્રસારણ કરવામાં આવે છે ?**

A સરકારના પ્રચાર કાર્યક્રમો
B પ્રાથમિક શિક્ષણ માટે વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો
C માધ્યમિક શિક્ષણ માટે વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો
D પક્ષના પ્રચાર કાર્યક્રમો

**74 મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત શું કામગીરી કરવામાં આવે છે ?**

A એમ.બી.બી.એસ.માં અભ્યાસ કરતી બહેનોને આર્થિક સહાય.
B કોલેજમાં અભ્યાસ કરતી બહેનોને આર્થિક સહાય.
C માધ્યમિક શાળામાં અભ્યાસ કરતી બહેનોને આર્થિક સહાય
D પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી બહેનોને આર્થિક સહાય

**75 રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ અંતર્ગત કયાં પ્રકારના કુટુંબોનો સમાવેશ થાય છે ?**

A ગરીબ કુટુંબો
B એ.પી.એલ. કુટુંબો
C બી.પી.એલ. કુટુંબો
D અંત્યોદય અન્ન યોજના હેઠળના કુટુંબો

**76 ૧૫મા નાણા પંચમાં નીચેના પૈકી કયાં પ્રકારની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે ?**

A ૧૦૦ ટકા રાજય પુરસ્કૃત
B ૬૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત અને ૪૦ ટકા રાજય પુરસ્કૃત
C ૬૦ ટકા ટાઇડ ગ્રાન્ટ અને ૪૦ ટકા અનટાઇડ ગ્રાન્ટ
D ૪૦ ટકા ટાઇડ ગ્રાન્ટ અને ૬૦ ટકા અનટાઇડ ગ્રાન્ટ

**77 બાનાખત ઉપરની સ્ટેમ્પ ડયૂટી બંધારણની કઇ યાદીમાં સમાવિષ્ટ છે ?**

A સંઘયાદી
B રાજ્યયાદી
C સમવર્તી યાદી
D એકપણ યાદીમાં નહી

**78 કિસાન સુર્યોદય યોજના અંતર્ગત શું કામગીરી થાય છે ?**

A સોલાર રૂફટોપ સિસ્ટમ
B સોલાર ઉર્જા સંચાલિતસિંચાઇ પંપ
C ખેડૂતોને દિવસે વીજળી પુરી પાડવી
D સુરજનો તડકો મેળવવો

**79 કૌશલ્યા – ધી સ્કીલ યુનિર્વસીટી કયાં વિભાગના નિયંત્રણ હેઠળ આવે છે ?**

A શિક્ષણ વિભાગ
B શ્રમ અને રોજગાર વિભાગ
C આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
D સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

**80 મુખ્યમંત્રીનો ૧૦ મુદ્દાનો કાર્યક્રમ કયા વિભાગ અંતર્ગત આવે છે ?**

A શિક્ષણ વિભાગ
B સામાન્ય વહીવટ વિભાગ
C આદિજાતિ વિભાગ
D સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

**81 આંગણવાડીમાં આવતાં ૩ થી ૬ વર્ષના બાળકોને નીચેના પૈકી કયા પ્રોજેકટ હેઠળ આવરી લેવામાં આવે છે?**

A ગુણવત્તા યુકત શિક્ષણ
B બાલસખા યોજના
C ચિરંજીવી યોજના
D પ્રોજેકટ પા પા પગલી

**82 ઇ – વિધાન એપ્લીકેશન (નેવા) નો કયાં ઉપયોગ થાય છે ?**

A સચિવાલયના તમામ વિભાગોમાં
B ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડમાં
C ગુજરાત રાજય જાહેર સેવા આયોગમાં
D ગુજરાત વિધાનસભામાં

**83 જીસ્વાનના નેટવર્ક માધ્યમથી કોને જોડવામાં આવેલ છે ?**

A રાજયથી જીલ્લા અને તાલુકા લેવલની કચેરીઓ
B કેન્દ્રથી રાજયની કચેરીઓ
C રાજયથી જીલ્લાની કચેરીઓ
D રાજયથી જીલ્લા અને ખાતાના વડાની કચેરીઓ

**84 પંચાયતોની ચુંટણી અંગે રાજ્ય ચુંટણી આયોગની સ્પષ્ટ જોગવાઇ બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવેલ છે ?**

**A** ૨૪૩ ડ (૧)
**B** ૨૪૩ ટ (૧)
**C** ૨૪૩ ઢ (૧)
**D** ૨૪૩ ત (૧)

**85 નગરપાલિકાઓની ચુંટણીઓને લગતી બાબતે જરૂરી જોગવાઇઓ કોણ કરી શકે છે ?**

**A** ભારતનું ચુંટણી આયોગ
**B** રાજ્યનું ચુંટણી આયોગ
**C** રાજ્ય સરકાર
**D** રાજ્ય વિધાન મંડળ

**86 ઉચ્ચતમ ન્યાયાલયે પ્રતિયાદીત કરેલો કાયદો તમામ ન્યાયાલયોને બંધનકર્તા હોવાની જોગવાઇ બંધારણના કયા અનુચ્છેદમાં છે ?**

**A** અનુચ્છેદ -૧૨૯
**B** અનુચ્છેદ-૧૪૧
**C** અનુચ્છેદ-૧૨૪
**D** અનુચ્છેદ-૧૪૪

**87 ચોથી વખત મહિલા સમરસ થતી ગ્રામપંચાયતને કેટલી પ્રોત્સાહન રકમ મળે છે?**

**A** ૫ લાખ
**B** ૬ લાખ
**C** ૮ લાખ
**D** ૧૦ લાખ

**88 ઉચ્ચ ન્યાયાલયના કોઇ ન્યાયાધીશની બદલી બીજા રાજ્યના ઉચ્ચ ન્યાયાલયમાં કરવા માટેની સત્તા કોને પ્રાપ્ત થયેલ છે ?**

**A** ન્યાયાધીશના કોલેજીયમને
**B** સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને
**C** કેન્દ્ર સરકારને
**D** રાષ્ટ્રપતિને

**89 નીચે પૈકી કઇ બાબતનો સમાવેશ રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં સ્પષ્ટ રીતે થયેલ નથી ?**

**A** આંતરરાષ્ટ્રીય તકરારની પતાવટ માટે લવાદીએ
**B** આંતરરાષ્ટ્રીય સંધિઓને માન આપવું
**C** આંતરરાષ્ટ્રીય યુધ્ધ પરત્વે તટસ્થ વલણ
**D** આંતરરાષ્ટ્રીય સલામતીની અભિવૃધ્ધિ

**90 ગામપંચાયતે પોતાની આવકનાં કેટલા ટકા સુધીની રકમ જિલ્લા વિકાસ ફંડમાં દર વર્ષે આપવાની હોય છે?**

**A** 10%
**B** 5%
**C** 7.5%
**D** 15%

**91 સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને સાબિત થયેલ ગેરવર્તણૂક માટે હોદ્દા ઉપરથી દૂર કરવા માટેની દરખાસ્ત અંગે નીચે પૈકી કઇ બાબતો અનિવાર્ય છે ?**

**(1) દરેક ગૃહ કુલ સભ્ય સંખ્યાની બહુમતી હોવી જોઇએ.**

**(2) દરેક ગૃહમાં હાજર રહી મત આપનાર ઓછામાં ઓછા ૨/૩ સભ્યોની બહુમતી હોવી જોઇએ**

**(3) રાષ્ટ્રપતિ સમક્ષ એક જ સત્રમાં રજૂ થયેલ હોવી જોઇએ**

**(4) રાષ્ટ્રપતિએ હુકમ કરેલ હોવો જોઇએ.**

**A** 1,2,3
**B** 2,3,4
**C** 1,3,4
**D** તમામ

**92 બંધારણના અનુચ્છેદ ૨૧૫ માં નીચે પૈકી કઇ બાબતનો સમાવેશ થાય છે ?**

**A** રીટ કાઢવાની સત્તા
**B** રીવ્યુ ન્યાયાલય અને પોતાના તિરસ્કાર માટે શિક્ષા કરવાની સત્તા
**C** રીવ્યુ ન્યાયાલય અને રેકર્ડ ન્યાયાલય
**D** રેકર્ડ ન્યાયાલય અને પોતાના તિરસ્કાર માટે શિક્ષા કરવાની સત્તા

**93 બંધારણના અનુચ્છેદ-૧૬ની વિગતે રાજ્ય હેઠળની નોકરી/હોદ્દા બાબતે નીચે પૈકી કઇ જોગવાઇ ખરી છે ?**

**A** તમામ નાગરિકો માટે તકની સમાનતા
**B** તમામ નાગરિકો માટે લાયકાત, ધોરણો તકની સમાનતા
**C** અમુક ખાસ વર્ગના ઉમેદવારોને આરક્ષણ સાથે તકની સમાનતા
**D** ઉપર પૈકી એકપણ નહી

**94 પંચાયતના વિસર્જનના કિસ્સામાં તેની ચુંટણી વિસર્જનના કેટલા સમયમાં થવી જોઇએ ?**

**A** ૬ મહિના
**B** ૩ મહિના
**C** ૪ મહિના
**D** રાજ્ય ચુંટણી પંચ નક્કી કરે તે મુજબ

**95 એક લાખની વસ્તી સુધી તાલુકા પંચાયતમાં કેટલી બેઠક નિયત થયેલ છે?**

**A** 15
**B** 17
**C** 13
**D** 19

**96 ગામપંચાયતના કોઈ હુકમ/નિર્ણય વિરુધ્ધ કલમ ૨૪૨ ની જોગવાઈ મુજબ કોની સમક્ષ અપીલ કરી શકાય છે?**

A ગામસભા

B તાલુકા પંચાયત

C જિલ્લા પંચાયત

D તાલુકા વિકાસ અધિકારી

**97 આંતરરાષ્ટ્રીય શાંતિ, સલામતી, સંબંધો અંગે બંધારણના કયા અનુચ્છેદમાં જોગવાઇ થયેલ છે ?**

A અનુચ્છેદ-૪૧

B અનુચ્છેદ-૪૪

C અનુચ્છેદ-૫૧

D અનુચ્છેદ-૫૧ (ક)

**98 ઉચ્ચ ન્યાયાલયના કાયમી ન્યાયાધીશ તરીકેનો હોદ્દો ધરાવી ચૂકેલ વ્યક્તિ માટે નીચે પૈકી કઇ બાબત ખરી છે ?**

A તે માત્ર ઉચ્ચતમ ન્યાયાલયમાં વકીલાત કરી શકે

B તે ઉચ્ચતમ ન્યાયાલય અને ઉચ્ચ ન્યાયાલય સમક્ષ વકીલાત કરી શકે

C તે માત્ર ઉચ્ચ ન્યાયાલય સમક્ષ વકીલાત કરી શકે

D તે કોઇપણ ન્યાયાલયમાં વકીલાત ન કરી શકે

**99 અનુચ્છેદ ૩૧૧ હેઠળ રાજયના કયા નોકરીયાતને હોદ્દા ઉપરથી દૂર કરવા બાબતે અમુક સંરક્ષણ આપવામાં આવેલ છે ?**

A મુલકી સેવા ઉપરનાં

B વહીવટી સેવા ઉપરના

C પોલીસ/અર્ધપોલીસ

D તમામ નોકરીયાત

**100 બંધારણની રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોના સંદર્ભમાં "રાજ્ય" માં નીચે પૈકી કોનો સમાવેશ થાય છે ?**

**(૧) ભારત સરકાર /રાજ્ય સરકાર**

**(૨) સંસદ/વિધાન મંડળ**

**(૩) સ્થાનિક સત્તા મંડળ**

**(૪) બીજા સત્તા મંડળ**

A ૧,૨,૩

B ૧,૩,૪

C ૨,૩,૪

D ૧,૨,૩,૪

------------